જીવનમાં કાંઇક પ્રાપ્ત કરવાની ધગધગતી મહેચ્છા જેટલી તીવ્ર એટલો તે તરફનો માર્ગ ઝડપથી તૈયાર થાય છે
- રોબિન શર્મા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઇ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૦ | ૩૦ જૂન, ૨૦૧૩, રવિવાર; જયેષ્ઠ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દૂધમાં ભાવવધારો

## મધુર ડેરીએ પણ દૂધમાં લીટરે રૂ. બે વધાર્યા :મધ્યમ વર્ગ પર મોટો આર્થિક બોજ : ગેસ, પેટ્રોલ બાદ હવે દૂધ પણ મોંઘુ બન્યું : પશુપાલકોના ભાવમાં પણ સુધારો કરતી ડેરી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ 'મધુર ડેરી'એ તેના દૂધના ભાવમાં પ્રતિ લીટર રૂ. ૨ નો વધારો કર્યો છે અને તેનો અમલ સોમવાર સવારથી શરૂ થશે.

તાજેતરમાં રાજ્યની વિવિધ ડેરીઓ દ્વારા આ ભાવ-વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ ડિઝલ તેમજ પશુદાણના મૂલ્યમાં થયેલા વધારા બાદ પશુપાલકોને પણ પોષણક્ષમ ભાવ મળી રહે તે ધ્યાને રાખી મધુરના સંચાલકોએ આ ભાવ-વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

મધુર ડેરી દ્વારા આ અંગે આજે સત્તાવાર ઘોષણા કરી દેવામાં આવી છે. રૂ. ૨ નો ભાવ વધારો થતાં તેની સીધી અસર વપરાશકારો પર પડશે.

ગાંધીનગર શહેરમાં દૂધના વપરાશમાં ગત વર્ષની સરખામણીમાં ૪ લાખ લીટરનો વધારો નોંધાયો છે. જો કે આની સીધી અસર મોટી પડશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાના-૭ પર

# શિક્ષણ સમિતિના ચેરમેને રાજીનામુ પાછુ ખેંચ્યું

## જિલ્લા વિકાસ અધિકારીએ પણ રાજીનામુ યોગ્ય મુસદ્દા મુજબ જણાતાં પરત મોકલ્યુ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેનપદેથી તેમજ પંચાયતના સભ્યપદેથી રાજીનામુ આપનાર શ્રી ગાંભુસિંહ રાઠોડના રાજીનામાના પત્રને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરીએ પરત મોકલ્યું છે. તો બીજી તરફ કોંગ્રેસની એક સત્તાવાર યાદીમાં શ્રી ગાંભુસિંહે તેમનું રાજીનામુ પરત ખેંચ્યાની જાહેરાત કરી છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ શ્રી રાઠોડનું રાજીનામુ પંચાયત અધિનિયમની જોગવાઈઓને ધ્યાને લેતાં યોગ્ય મુસદ્દામાં નહિ હોવાનું જણાતાં તેમને પરત મોકલવાનો નિર્ણય કર્યો છે.

દરમ્યાન આજે બપોરે જિલ્લા કોંગ્રેસના આગેવાનો સાથેની બેઠકને અંતે શ્રી ગાંભુસિંહે પોતાનું રાજીનામુ પરત ખેંચવાની જાહેરાત પણ કરી છે.

કોંગ્રેસ પક્ષની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે શ્રી ગાંભુસિંહના મનમાં કેટલીક ગેરસમજો પ્રવર્તતી હતી જે ગેરસમજો તેમની સાથેની ચર્ચા દરમ્યાન દૂર કરવામાં આવી છે.

મળતી વિગતો સાથે આજે યોજાયેલી બેઠકમાં ધારાસભ્ય શ્રી અમીત ચૌધરી જિલ્લા પ્રમુખ શ્રી જશુભા રાણા, મહામંત્રી શ્રી અશ્વિનભાઈ બારોટ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

● અનુસંધાન પાના-૭ પર









